# સે. ૨૧ના જીમખાનામાં જીમનું એસી બંધ હોવાથી પરેશાની

## મહિનાથી બંધ એસીની ફરિયાદો કરવા છતાં મેન્ટેનન્સમાં બેદરકારીની રાવ ઉઠવા પામી





ગાંધીનગર, તા. ૨૨

તાજેતરમાં ગાંધીનગરના સેક્ટર-૨૧ ખાતેના જીમખાનામાં સ્વિમિંગ પુલમાં દુષિત પાણી હોવાની ફરિયાદો ઉઠવા પામી હતી. એની હજુ શાહી સુકાઈ નથી ત્યાં હવે સેક્ટર-૨૧ના જીમખાનાના જીમમાં લગાડાયેલા એરકન્ડિશનરના મેન્ટેનન્સમાં બેદરકારી દાખવાવામાં આવતી હોવાની માહિતી પ્રાપ્ત થવા પામી છે. ઉનાળાની ગરમીની સીઝનથી લઈને અત્યારના ઉકાળાટના વાતાવરણમાં એસી વગર જીમમાં વર્કઆઉટ કરવું સભ્યો માટે મુશ્કેલ બની રહ્યું છે. સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ગાંધીનગરના સેક્ટર-૨૧ ખાતેના જીમખાનામાં છેલ્લાં આશરે એક મહિનાથી વાતનુકૂલિત જીમના એસી કામ કરતાં નથી. આ બાબતે જીમમાં આવતા સભ્યો દ્વારા અનેકવાર સંચાલનકર્તાઓને ઘણીવાર જાણ કરવામાં આવી છે પરંતુ હજુ સુધી એસીનું રીપેરીંગ કરવામાં આવ્યું નથી. આ સ્થિતિમાં જીમમાં એક પણ બારી ના હોવાથી ખુબ ગૂંગળામણ અનુભવાય છે. સિનિયર સિટીઝન સભ્યોને તો એકસારસાઈઝ કરતા શ્વાસ લેવામાં તકલીફ પડી રહી છે. જાણકરના કહેવા અનુસાર તો જીમના કોચને પણ તેમની ફરજ બજાવવામાં તકલીફ પડી રહી છે. સભ્યો પાસેથી જીમનો દર મહિને તગડો ચાર્જ વસુલવામાં આવે છે જે નોનરિફંડેબલ હોય છે, પરંતુ તેની સામે સર્વિસમાં આવી લાલિયાવાડી ચાલવાઈ રહી છે. સત્વરે એસીનું રીપેરીંગ કાર્ય કરાવાય અને તેનું નિયમિત યોગ્ય મેન્ટેનન્સ કરવામાં આવે તેવી આ જીમમાં નિયમિત કસરત કરવા આવતા સભ્યોમાં લાગણી પ્રવાર્તિ રહી છે.

# સામાજિક વ્યવહાર પરીવર્તન થકી જોખમી સગર્ભા બહેનો સાથે સંપપરામર્શ



ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર જિલ્લામાં માતા મરણ અટકાવવા અને માતા મૃત્યુદર ને એક આંકડામાં લઈ જવા માટે આપણે સૌ અથાગ પ્રયત્ન કરી રહ્યા છીએ. તેમ છતાં વખત તો વખત જોખમી સગર્ભામાં વધારો જોવા મળે છે. આ જોખમી સગર્ભાનું વહેલામાં વહેલી તકે સારવાર, નિદાન અને કાઉન્સિલિંગ થઈ શકે અને માતા મરણ અટકાવી શકાય તે માટે અગમચેતીના પગલાંના ભાગરૂપે માન. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડૉ એ. જે. વૈષ્ણવ સાહેબ ના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર તાલુકાના પ્રા.આ.કે. ડભોડા ખાતે જોખમી સગર્ભા સાથે મિટિંગ કરવામાં આવી આ મિટિંગમાં જીલ્લા કક્ષાએથી એસ.બી.સી.સી ટીમ ડૉ.નેહલ ગજેરા,કેયુર જયસ્વાલ, પ્રા. આ. કે.ના સુપરવાઈઝર અને સ્ટાફે હાજરી આપેલ. ઉપરોક્ત મિટિંગમાં પ્રા. આ. કેન્દ્રની તમામ જોખમી સગર્ભા, ઓછું વજન, હાઈપરટેન્શન, વ્યસન કરતી મહિલા, મલ્ટીપારા તેમજ રેજીટન્સ સગર્ભાને બોલાવી ને એમની સાથે પોષણ યુક્ત આહાર સગર્ભા અવસ્થા દરમ્યાન રાખવા ની થતી સાવચેતી વિશે સમજણ આપી વધુમાં યોગ,પ્રાણાયામ વિશેની માહિતી આપવામાં આવી. આ દિવસે પ્રા. આ.કે. પર આર્યન સુક્રોઝ, એફ. સી.એમ. ઈન્જેક્શનની વ્યવસ્થા હતી. આ મીટિંગમાં ૮૨થી વધુ જોખમી સગર્ભા સાથે વાર્તાલાપ કરવામાં આવેલ. વધુમાં આ મિટિંગમાં આવેલ તમામ સગર્ભાને પોષણયુક્ત અલ્પાઆહાર બટાકા પૌંઆ અને સુખડી ની વ્યવસ્થા મેડિકલઓફિસરશ્રી દ્વારા કરવામાં આવ્યું હતું.

# લાયન્સ ક્લબ ફેમીનાનો પદગ્રહણ સમારોહ



ગાંધીનગર, તા.૨૨

તાજેતરમાં લાયન્સ ક્લબ ગાંધીનગર ફેર્મીનાનો પદગ્રહણ સમારોહ યોજાયો હતો. જેમાં આગામી વર્ષના પ્રમુખ તરીકે ચંદાબેન યાદવે શપથ લીધા હતા. સેક્રેટરી તરીકે ભુમી જોગાણી અને ટ્રેઝરર તરીકે ગીતાબેન પટેલની વરણી કરવામાં આવી હતી. શપથ ગ્રહણ અધિકારી તરીકે પાસ્ટ ડિસ્ટ્રીક્ટ ગર્વનર સૌરભભાઈ બ્રહ્મભટ્ટે ક્લબના અધિકારીઓને તેમની ફરજો સમજાવી શપથ લેવડાવ્યા હતા. આ સાથે જ લીયો ક્લબ ગાંધીનગર ફેમીનાના પ્રમુખ તરીકે નંદીશભાઈ એ શપથ ગ્રહણ કર્યા હતા.

# સે ૧૭ માં પંચાયત પરિષદની ગટર ઉભરાતા સરકારી કચેરી તથા રહેઠાણ વિસ્તારમાં રોગચાળાની ભીતી

ગાંધીનગર, તા.૨૨

છેલ્લા એક માસથી પંચાયત પરિષદની મેઈન ગટર ઉભરાતા પંચાયત પરિષદ કચેરી ' સ્ટાફ કર્વાટર ' જિલ્લા પંચાયત-ફાયર બ્રિગેડ વિગેરે વિસ્તાર ગટરના પાણી રોડ ઉપર આવી ગયા છે પાટનગર યોજના ભવન ગટર વ્યવસ્થા કામગીરી કરતાં કર્મચારી અને એજન્સી ને એક માસ થી વારવાર ફરીયાદ કરવા માં આવેલ છે પરંતુ કોઈ પરિણામ આવેલ નથી.અને ભવિષ્યમાં રોગ ચાળો થવાની મોટી ભીતી છે. ગાંધીનગર શહેર માં પ્રાઈવેટ એજન્સી ને ગટર વ્યવસ્થાની કામગીરી સુપ્રત કરવામાં આવતા શહેરીજનો ને ખૂબ તકલીફ પડે છે આગામી સમયમાં ચોમાસામાં આ વિસ્તાર માં મોટા પાયે રોગચાળો અને ગંદકી ફેલાય તેનો ભય છે.



# અમેરિકાના ખ્યાતનામ તબીબનો વાત્રક જનરલ હૉસ્પિટલમાં સેવાયજ્ઞ

## વાત્રક ખાતે હૃદયરોગના દર્દીઓ માટે નિઃશુલ્ક નિદાન કેમ્પ યોજાયોઃ ૧૦૦થી પણ વધુ દર્દીઓએ લાભ લીધો

ગાંધીનગર, તા. ૨૨

આજકાલ હૃદયરોગના હુમલાનું પ્રમાણ ખુબ જ વધી રહ્યું છે. આ બાબતે જાગૃતિ લાવવા અને સાવચેતી રાખવા શ્રી કે. કે. શાહ સાબરકાંઠા આરોગ્ય મંડળ, વાત્રક સંચાલિત શ્રીમંત ફતેહસિંહરાવ ગાયકવાડ જનરલ હૉસ્પિટલ વાત્રક, જિલ્લો અરવલ્લી, તાલુકા બાયડ ખાતે હૃદયરોગના દર્દીઓ માટે નિઃશુલ્ક નિદાન કેમ્પનું ગત તા. ૨૧મી જુનના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં શ્રી કે. કે. શાહ ચેરીટેબલ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી પ્રકાશભાઈ કે. શાહના મિત્ર અને અમેરિકાના ખ્યાતનામ કાર્ડીઓલોજિસ્ટ ડોક્ટર એસ. કે. અશોકકુમારે દર્દીઓને તપાસીને સારવાર અને માર્ગદર્શન આપ્યું હતું. નિઃશુલ્ક કેમ્પ પહેલાં રજીસ્ટ્રેશન કરાવેલા દર્દીઓને ટેસ્ટ કરાવ્યા હોવાથી દર્દીઓનું નિદાન ઝડપથી થયું હતું. અત્રે એ ઉલ્લેખનીય છે કે કાર્ડીઓલોજિસ્ટ ડો. એસ. કે. કુમાર વાત્રક ખાતે અવારનવાર વર્ષે બે વર્ષે દર્દીઓને વાત્રક હૉસ્પિટલમાં સારવાર કરવા આવે છે. દર્દીઓને પણ નિઃશુલ્ક સારવાર, દવા, તેમજ પ્રોત્સાહન મળતું હોવાથી ડો. કુમાર અહીં ખૂબ જ લોકપ્રિય છે. કે. કે. શાહ ચેરિટેબલ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી પ્રકાશભાઈના ખાસ આગ્રહથી ડો. કુમાર બાયડ તાલુકામાં આવેલી આ વાત્રક હૉસ્પિટલમાં આવે છે. આ નિઃશુલ્ક હૃદયરોગના કેમ્પમાં આ હૉસ્પિટલમાં અમેરિકાના ખ્યાતનામ ડોક્ટર આવ્યા હોવાથી નાગરિકોમાં તેમજ દર્દીઓમાં પણ ખૂબ ઉત્સાહ હતો.



આ પ્રસંગે પ્રકાશભાઈ શાહે દર્દીઓની મુલાકાત લઈ તેમને આશ્વાસન અને માર્ગદર્શન આપ્યું હતું તેમની સાથે શ્રીમતી સુજાતાબેન શાહ, મનોદિવ્યાંગ બાળકો માટેની સ્કૂલના આચાર્ય પ્રવિણસિંહ જાડેજા તથા કે. કે. શાહ આરોગ્ય મંડળના ચેરમેન કેદારભાઈ પટેલ તથા ટ્રસ્ટી મંડળના હોદ્દેદારો કનુભાઈ શાહ, અંબાલાલ પટેલ, વિરમભાઈ ભરવાડ તેમજ ડોકટરો અને સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા. આ કેમ્પને સફળ બનાવવામાં અરુણભાઈ મહેતા, પંકજ પટેલ, કનુભાઈ પંચાલ, બાબુભાઈ ભરવાડ તેમજ નિશાબેન શાહે ભારે જહેમત ઉઠાવી હતી.

# હોટલ લીલા ગાંધીનગર ખાતે યોગ દિવસ ઉજવાયો



હોટલ લીલા ગાંધીનગરની ટીમ અને થોડાક મહેમાનોએ ભેગા મળીને વિશ્વ યોગ દિન પ્રસંગે યોગ કર્યો હતો. આ કાર્યક્રમને પ્રસિધ્ધ યોગ ઈન્સ્ટ્રક્ટર ડો.ભાસ્કરનુ માર્ગદર્શન પ્રાપ્ત થયુ હતું. ડો. ભાસ્કરે દરરોજ કરવા જેવી યોગની કેટલીક મુદ્રાઓ શિખવી હતી જે વ્યક્તિનુ શરીર સૌષ્ઠવ જાળવવામાં ઉપયોગી નિવડી શકે. તેમણે નિયમિત કરાતા યોગમાં સ્ટ્રેચીંગ અને ધ્યાનનુ મહત્વ અને તેના લાભ સમજાવ્યા હતા.

# બેન્ક ઓફ ઈન્ડિયાની ઝોનલ કચેરીમાં યોગ દિવસ ઉજવાયો



આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે બેંક ઓફ ઈન્ડિયાની ગાંધીનગર ઝોનલ ઓફિસ ખાતે ઝોનલ મેનેજર મનીષકુમાર ફુલરેની અધ્યક્ષતામાં યોગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. યોગા માસ્ટર લલિત મકવાણા અને ઈન્દ્રવર્ધન દ્વારા યોગનું મહત્વ દર્શાવતા યોગની તાલીમ આપવામાં આવી હતી.

# કલ્પતરુ પાવર કંપનીના કર્મચારીઓની પ્રસંશનીય "એક પહેલ"

ગાંધીનગર, તા.૨૨

એવું કહેવાય છે કે જો તમને જીવનભર સુખ જોઈએ છે, તો કોઈ જરૂરિયાતમંદ વ્યક્તિની મદદ કરો. "એક પહેલ" એ જરૂરિયાતમંદ વંચિતોના ચહેરા પર સ્મિત લાવવા માટે શહેરની કલ્પતરુ પાવર કંપનીના કેટલાંક કર્મચારી મિત્રો દ્વારા માનવતા અને કરુણા તરફના એક પગલાં સ્વરૂપે શરૂ કરવામાં આવેલી એક પહેલ છે. "એક પહેલ" દ્વારા તેઓ તેમના ખિસ્સામાંથી બચત કરીને તેમના થકી થઈ શકે તેટલાં શ્રેષ્ઠ પ્રયાસોથી જરૂરિયાતમંદોને મદદ કરવાનો એક પ્રયાસ કરે છે. ગયા વર્ષે તેમણે વૃદ્ધાશ્રમ, અનાથાશ્રમ, અંધ શાળા, ઝૂંપડપટ્ટીઓ, આંગણવાડીઓ અને દૂરના ગામડાઓમાં વંચિત બાળકો વગેરેની મુલાકાત લીધી હતી અને તેમાં નવા કપડાં, ફૂટવેર અને કરિયાણાનું વિતરણ કર્યું હતું. આ સાથે તેમના માટે ભોજનની વ્યવસ્થા કરી હતી. તેઓ તેમની સાથે ક્વોલિટી ટાઈમ વિતાવે છે અને વંચિત બાળકો સાથે અને વૃદ્ધાશ્રમમાં તહેવારોની ઉજવણીમાં સક્રિયપણે ભાગ લે છે. "એક પહેલ" દ્વારા તેમનો એક માત્ર ધ્યેય જરૂયાતમંદોના ચહેરા પર સ્મિત તથા ખુશી લાવવાનો હોય છે.

# બ્રહ્મસમાજ ધોળેશ્વર શાખા દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓ સન્માનાશે

ગાંધીનગર, તા. ૨૨

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર (માતૃ સંસ્થા) સંચાલિત ધોળેશ્વર શાખા દ્વારા તા. ૮-૭-૨૦૨૩ના રોજ સમાજના વિદ્યાર્થીઓ માટે મોટીવેસ્નલ સ્પીકર સંજયભાઈ રાવલનો કાર્યક્રમ તેમજ વિદ્યાર્થીઓને પુરસ્કૃત કરવા માટેનો કાર્યક્રમ રાખેલ છે. ધોળેશ્વર શાખામાં વસતા બ્રહ્મબંધુઓને તેઓના વિદ્યાર્થીઓની માર્કસીટની નકલ મોબાઈલ નં ૯૪૨૭૦૦૬૯૬૯ (ઉદય ભટ્ટ) અને ૯૮૭૯૫૩૮૭૯૬ (મિતુલ જોષી)નો સંપર્ક કરી મોકલવા જણાવાયું છે.



નવમાં ઈન્ટરનેશનલ યોગ દિવસની ઉજવણીના ભાગ રૂપે સે-૨ ખાતે યોગ ટ્રેઈનર સ્મીતા મોદી ધ્વારા યોગ કરાવવામાં આવ્યા હતા. સમગ સે-૨ના રહીશો ઉત્સાહ થી જોડાયા હતા. ૧૨૦થી વધારે સંખ્યામાં લોકોએ યોગ અભ્યાસ કર્યો હતો. કોર્પોરેટરશ્રી રાજુભાઈ પટેલ ડૉ.સંકેતભાઈ અને બ્રહ્મસમાજના પ્રમુખ સુનીલભાઈ ત્રિવેદીએ દિપ પ્રાગટય કરી યોગ દિવસની ઉજવણીમા ભાગ લીધો હતો.

# પશુ જૈવિક સંસ્થા-ગાંધીનગરનું સમયાનુકૂલ આધુનિકરણ કરાયા બાદ રસીનું ઉત્પાદન ફરી શરુ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર ખાતેથી પશુપાલન મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલના હસ્તે પશુ જૈવિક સંસ્થા દ્વારા જી.એમ.પી.ના આધુનિક ધારાધોરણો મુજબ ઉત્પાદન કરાયેલી ગળસૂંઢાની રસીના પ્રથમ જથ્થાનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. પશુપાલન ખાતા હેઠળની ગાંધીનગર સ્થિત પશુ જૈવિક સંસ્થા એ પશુઓમાં થતા જીવલેણ રોગો સામે રક્ષણ આપવા માટે રસી ઉત્પાદન કરતી રાજ્યની એકમાત્ર સંસ્થા છે. રાજ્યના પશુઓને સુરક્ષિત કરવા રસી ક્ષેત્રે હવે ગુજરાત સ્વનિર્ભર બન્યું છે. પશુ જૈવિક સંસ્થા દ્વારા ગળસૂંઢાની રસીની પ્રથમ બેચમાં કુલ ૨,૭૯,૦૦૦ ડોઝનું ઉત્પાદન કરવામાં આવ્યું છે. પશુઓને થતા ગળસૂંઢા જેવા જીવલેણ રોગ સામે રક્ષણ આપવા



માટે રાજ્ય સરકાર દ્વારા આ પશુઓને આ રસી વિનામૂલ્યે આપવામાં આવે છે. પશુપાલન મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, પશુઓને થતા રોગના નિયંત્રણ અને અટકાવ માટે પશુઓમાં વિનામૂલ્યે રસીકરણની સેવા પૂરી પાડવી એ રાજ્ય સરકારની હરહંમેશ પ્રાથમિકતા રહી છે. એટલા માટે જ ગુજરાત છેલ્લા ઘણા વર્ષોથી પશુ રોગ માટે રસીનું નિર્માણ કરી રહ્યું હતું. પરંતુ વર્ષ ૨૦૧૫માં જી.એમ.પી.ના આધુનિક ધારાધોરણો લાગુ થતા વર્ષ ૨૦૧૬થી રસીનું ઉત્પાદન બંધ કારાયું હતું. જી.એમ.પી.ના ધોરણે પશુ જૈવિક સંસ્થાના આધુનિકરણની કામગીરી પૂર્ણ કર્યા બાદ હવે આ સંસ્થા ખાતે ફરી એકવાર રસીનું ઉત્પાદન શરુ કરવામાં આવ્યું છે.



ગુજરાત મેરીટાઈમ બોર્ડના નવનિયુક્ત ઉપાધ્યક્ષ અને મુખ્ય કારોબારી અધિકારી રાજકુમાર બેનીવાલ (આઈ. એ.એસ.) નું ગુ. મે. બોર્ડ કર્મચારી સંઘ મહામંડળ, ગાંધીનગર દ્વારા પુષ્પ ગુચ્છ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું.

# સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે જીટીયુ ખાતે સ્પેશિયલ વર્ગોનું આયોજન

ગાંધીનગર, તા.૨૨

રાજ્ય સરકારની વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષામાં ગુજરાતના વિદ્યાર્થીઓ શ્રેષ્ઠ પદ પર પસંદગી પામે તે હેતુસર, જીટીયુ સંચાલિત સેન્ટર ફોર કરિયર કાઉન્સિલિંગ એન્ડ એડવાન્સમેન્ટ (સીસીસીએ) દ્વારા તાજેતરમાં જીપીએસસી દ્વારા લેવાયેલ જાહેરાત નંબર ૩૦/૨૦૨૨-૨૩ની પ્રિલિમ્સ પરીક્ષાના વિદ્યાર્થીઓ માટે ૩ થી ૮ જુલાઈ દરમિયાન ઈન્ટર્વ્યું માટેની ટ્રેનિંગનું આયોજન કરાશે.

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી, જીટીયુ ખાતે આગામી ૩જી જુલાઈથી સ્પર્ધાત્મક પરીક્ષા માટેના વર્ગોનું આયોજન કરવામાં આવશે. આ તકે કુલપતિ, પ્રોફેસર ડૉ. પંકજરાય પટેલે જણાવ્યું હતું કે સ્પર્ધાત્મક પરીક્ષામાં ગુજરાતના વિદ્યાર્થીઓ સકારાત્મક પરિણામ મેળવે તે હેતુથી આયોજન કરવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓ ૨૫ જૂન સુધી આઈ.ટી.એ.પી.ની વેબસાઈટ ઉપર રજીસ્ટ્રેશન કરાવી શકશે.